# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૫

## સલામી સવારની..

વડાપદનું નિમંત્રણ પણ પાઠવાઇ ગયું!
વિરોધ ચંત્રનું સૂરસૂરીયું, ખોટપાઇ ગયું!
ભોંઠપાઇ ગયું વરિષ્ઠ નેતાનું માન-સન્માન,
ને યેનકેન પ્રકાર ચોકઠું ગોઠવાઇ ગયું!
(અભિનંદન, શુભેચ્છા)

## હાઇકુ

કૂપમંડૂકે
ઝંપલાવ્યું છે હવે
મહાસાગરે..

બેસે છે બધા,
લાભ જોઇ લેટતા -
નમતે પલ્લે!

## ચિંતન

**કેયૂરા ન વિભૂષયન્તિ પુરૂષં હારા ન ચંદ્રોજ્જવલા ન સ્નાનં ન વિલેપનં ન કુસુમં નાલંકૃતા મૂર્ધનાઃ ।**
**વાણ્યેકા સમલં કરોતિ પુરૂષં યા સંસ્કૃતા ધાર્યતે ક્ષીયન્તે ખલુ ભૂષણાનિ સતતં વાંગ્ભૂષણં ભૂષણમ્ ॥**

'બાજુ બંધનું આભૂષણ પુરૂષને સુશોભિત બનાવતા નથી. ચંદ્ર સમાન ઉજ્જવળ હાર, સુગંધી લેપ કે ફૂલમાળના શણગારથી સુશોભિત કેશ - માથાના વાળ પણ શોભા વધારતા નથી. પરંતુ ધારણ કરવામાં આવેલી એક માત્ર સંસ્કારી વાણી જ પુરૂષને સુશોભિત બનાવે છે, ખરેખર બીજાં ઘરેણાં - આભૂષણ તો પહેરવાથી ઘસાય પણ છે પરંતુ વાણી રૂપી ઘરેણું તો કદાપિ ઘસાતું પણ નથી પરંતુ કાયમી અલંકાર બની રહે છે.'

આજે પુરૂષો અને સ્ત્રીઓ માટે સૌંદર્ય પ્રસાધનો અને બ્યુટી પાર્લર જેવી અનેક સુવિધાઓ ફૂટી નિકળી છે - સ્નાન માટે વિવિધ પ્રકારના સાબુમાંથી ધોવાના સાબુ, શરીર પર છાંટવાના 'સ્પ્રે' દાગીના - ચેન - વીંટીઓ મૂલ્યવાન હીરાજડિત ઘડિયાળો આ બધા બાહ્ય શણગાર છે પણ એનાથી વ્યક્તિની આંતરિક શોભા વધતી નથી.

માણસના સાચા સંસ્કારી પરિચય માટે તો તેની વિનય-વિવેક અને સંસ્કાર ભરી 'વાણી' જ આંતરિક શણગાર છે - સંસ્કારી વાણી જ નિત્ય-કાયમી શણગાર છે.

## સુવિચાર

- પાણી જેવી ચંચળતાથી મનુષ્ય મહાન થઇ શકે નહિ - **અજ્ઞાત**
- જગતના ઇતિહાસમાં જેની સંપૂર્ણ મુશ્કેલી ઉકલી ગઇ હોય એવી વ્યક્તિ કયારે પણ કયાંય થઇ નથી - **ચિમ્મ**
- વિશ્વને મહાન પુરૂષોની અપેક્ષા છે. મહાપુરૂષના પૂજારીઓ અને ખુશામતીઓની નહિ - **બીરજી**
- આજ સુધી કોઇ પણ વ્યક્તિ અનુકરણથી મહાન થઇ નથી - **સેમુઅલ જોનસન**
- જેમ જેમ આપણે મહાન પુરૂષોની નજીક જઇએ છીએ તેમ તેમ આપણને સ્પષ્ટ જણાય છે કે તેઓ કેવળ માનવ છે. પોતાના નિકટવર્તી સેવકોને પણ તેઓ કયારેય મહાન જણાતા નથી - **લાબ્રુયેર**
- મહાન વ્યક્તિ આપણને એટલા માટે મહાન જણાય છે કે આપણે ઘૂંટણના ટેકે ઊભા છીએ- **સ્ટર્નર**

## બોધ કથા

એકવાર ગાંધીજીનો દક્ષિણ ભારતમાં 'ચિકાકોલ' ના ખાદી કેન્દ્રમાં નિવાસ હતો. દિવસ દરમિયાન ખૂબ બોલવા - ચાલવાનું થયું હતું - ખૂબ થાક્યા હતા અને તેથી રાત્રે આવતાં જ પથારીમાં પડ્યા અને ઊંઘી ગયા.

બાપુ સવારે ઉઠ્યા - મહાદેવને પૂછ્યું કાલ સાંજની પ્રાર્થનાનું શું થયું? મહાદેવ કહે હું પણ તમારી જેમ સૂઇ ગયો હતો પણ રાત્રે જાગ્યો ત્યારે ભાન થયું ને પ્રાર્થના કરી લીધી.

બાપુએ ખૂબ અફસોસ સાથે વલોપાત કર્યો. ઇશ્વર મારા દરેક શ્વાસનો માલિક છે. માત્ર ઉંઘવાના સ્વાર્થ માટે હું ઇશ્વરને ભૂલી જાઉં એ કેમ ચાલે? વગેરે વગેરે..

અંતે મહાદેવે બાપુને શાંત જોઇ કહ્યું, બાપુ એક નાની વાર્તા કહું? બાપુએ હસીને કહ્યું - કહો.

એક મુસ્લિમ સંત પાંચ વખત અતૂટ નિયમનથી નમાજ પઢતા એક રાત્રે તબિયત નરમ હતી. છેલ્લી નમાજ પઢ્યા વિના સૂઇ ગયા. રાત્રે એક શેતાન આવ્યો એણે મૂલ્લાંને જગાડ્યા ને કહ્યું મિંયા તમે નમાજ પઠવાનું ભૂલી ગયા છો ઉઠો!

મિયાંએ નમાજ તો પઢી પછી શેતાનને પૂછ્યું તારૂં કામ તો લોકો ઇબાદત ન કરે એવું છે મને તેં કેમ જગાડ્યો?

શેતાન કહે - તમે નમાજ ન પઢી શકો તો જે પશ્ચાતાપ કરો છો તેનાથી અલ્લાહને વધારે વહાલા થઇ જાવ છો - મારૂં કામ તો તમે ઇશ્વરને વધારે વ્હાલા ન બનો એના માટેનું જ છે.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# પ્રેમના વંટોળમાં અટવાયેલ લાલજી પાસેથી બદલામાં એને પ્રેમને બદલે કયારેક ગુસ્સો મળતો, સમય જતાં ઢોરમાર મળવા લાગ્યો

**સં-વેદના**

**- જય ગજ્જર**

લાલજી રાઠોડ રોજની જેમ ખેતરથી પાછો ફરતો હતો. રોજ ઘેર પાછો ફરતો ત્યારે પત્નીનો ચહેરો આંખ સામે રમી રહેતાં મનોમન એના પરનો ગુસ્સો યાદ આવી જતો. આજ રમાના શબ્દો વાગોળતાં મન જુદા વિચારોમાં અટવાયું હતું.

એ અટવાયેલા મન પર લાલજીના કાને શબ્દો અથડાયા. પત્નીએ દેવી છે. કેટકેટલી આશાઓ અને ઉમંગો સાથે માબાપની માયા છોડી એક અજાણ્યા ઘરને પોતાનું ઘર બનાવી એક નવું સ્વર્ગ ઊભું કરવા ઝંખે છે. વારસદાર આપી વંશવેલો આગળ વધારવા જાતને હોમી દે છે, પતિને દેવ ગણે છે પણ પતિ એને દેવી ગણે છે ખરો? હજુય સમાજમાં કોક ખૂણે, કોક ખેતરે પત્નીને મારઝૂડ કરતા નરાધમ રાક્ષસો જીવે છે. આવો સમાજ પત્નીને સંવેદનાના સૂર કયારે ઝીલશે, કયારે સમજશે?

ગામને ભાગોળે ચાલતી રામકથા કહેતા સંતના એ શબ્દો લાલજી રાઠોડને કાને પડતાં સંતના શબ્દો સ્પર્શી ગયા. સાથ છોડી જીવનમાંથી સદા માટે ચાલી જનાર પ્રિયતમા રમાના છેલ્લા શબ્દોમાં સંતના શબ્દો ભળતાં એના મનનો જોસ્સો વધી ગયો અને વિચારોના વમળમાં ધકેલી દીધો..

અઢાર વર્ષની ઉમરે બાપાએ એને ચંપા સાથે પરણવાનો હુકમ કર્યો હતો. યુવાન હતો એટલે ઘણીભર તો એક સ્ત્રીના સંગની કલ્પનાએ એને સપનાંમાં રાચતો કરી દીધો હતો. પોતે મેટ્રિકના વર્ષ પહોંચ્યો હતો. ભણવામાં 'ઢ' હતો પણ સિનેમાનાં ગીતો ગાવામાં પાવરધો હતો. એટલે મિત્રવર્તુળમાં ઝળકી ઊઠતો. મિત્રો એની આસપાસ ટોળેટોળાં વળતા. એ સિનેમાનાં ગીતો ગાઈ સૌને ખુશ કરી દેતો. એ પોતે પણ અનોખા ભાવિનાં સપનાં સેવતો. સાથે ભણતી રમા એના ગીતોની પ્રશંસક બની ગઈ. ગીતો પાછળ ઘેલી બનેલી રમા લાલજી પાછળ પણ ઘેલી બનતી ગઈ. એની સાથે લગ્ન કરવાનાં સપનાં સેવવા લાગી.

એ સપનાંને લાલજીના ઓરમાન બાપે સાકાર ન થવા દીધાં. રાઠોડનો છોકરો ઘરમાં વાળંદની છોકરીને લાવે એ એના ઓરમાન બાપને નહોતું ગમતું. એમના કાને એમના દીકરાના પરાક્રમની વાત પહોંચતાં સત્તાનો ડંકો લઈને ફરતા બાપના અહમને ઠેસ વાગી. બાજુના ગામના એક મિત્રની છોકરી સાથે બળજબરીથી લગ્નના બંધને બાંધી દીધો. ઘરેથી નાસી જવાની અને આપઘાત કરવા સુધીની ધમકી બાપને આપી પણ એનું કંઈ ન ચાલ્યું. એ ચંપા સાથેના બંધને જોતરાઈ ગયો.

ચંપા કંઈ દેખાવે ન ગમે એવી નહોતી. વાને ઊજળી હતી, હસતી ત્યારે ગાલે ખાડા પડતાં. પણ પ્રેમ આંધળો છે. રમામાં દિલ ચોંટી ગયું હતું. એટલે ચંપામાં મન ગોઠતું નહિ. એના પ્રેમ કે એના સદ્ભાવને સમજવા જરાકે પ્રયત્ન ન કરતો બલ્કે પહેલે દિવસથી ધિક્કારવા લાગ્યો. એનાથી દૂર ભાગવા પ્રયાસ કરતો. ચંપા બહુ શાળી, સમજુ અને વ્યવહારુ વહુ હતી. ઘરમાં બધાનાં દિલ થોડા દિવસમાં જ જીતી લીધાં. લાખ પ્રયત્ને પણ એક લાલજીનું દિલ ન જીતી શકી. છતાં અંતરના ઊંડાણથી એને પ્રેમ કરતી રહી, એનો પડ્યો બોલ ઝીલતી રહી.

પ્રેમના વંટોળમાં અટવાયેલ લાલજી પાસેથી બદલામાં એને પ્રેમને બદલે કયારેક ગુસ્સો મળતો. સમય જતાં ઢોરમાર મળવા લાગ્યો. એ ચૂપચાપ એના ચાબખા સહી લેતી. ઊંડે ઊંડે આશા હતી કે એક દિવસ પતિનો પ્રેમ મળશે. એ પ્રેમ મેળવવા એ થનગની રહેતી.

કડવા ચોથના દિવસે પતિને ખુશ કરવાનો વિચાર ઝબૂક્યો.

સવારે વહેલી ઊઠી નાહી-ધોઈ બની ઠની તૈયાર થઈ લાલજી માટે ગરમાગરમ દૂધનો કટોરો લઈ એના ખટલા પર બેસી પગચંપી કરવા લાગી.

એના હાથના સ્પર્શે લાલજી ઝબકીને જાગી ગયો. ચંપાના ઠાઠ જોઈ પળભર તો ભરમાઈ ગયો. મનોમન રમા સાથે સરખાવી રહ્યો. પહેલવહેલાં એને લાગ્યું કે ચંપા રમા કરતાં જરાકે ઊતરતી નથી. રમા તો બલ્કે શ્યામ છે પણ મારી ચંપા ગોરી છે, દેખાવડી છે! વહુ તરીકે ખોટી નથી. હું કયાં રૂપનો મોરલો છું? પણ રમાનો પ્રેમ યાદ આવતાં એ વિચાર સરકી ગયો અને ગુસ્સો કરી બોલ્યો, 'આજ મેનકા બની આ પતિના તપનો ભંગ કરવા સામે ઊભા છો?'

'હું કોઈ મનોકામનાએ તમારી સામે નથી આવી! આજ કડવા ચોથ છે. ચાંદ ઊગે કે ન ઊગે પણ તમારાં દર્શન કરી આ માળખાને ધન્ય કરું તો મારું જીવતર તો ધન્ય થઈ જાય!' કહેતાં લાલજી નજીક સરકી.

એને નજીક સરકતી જોઈ, ગુસ્સે થઈને લાલજીએ એને જોરથી ધક્કો માર્યો.

ચંપા હેબતાઈ ગઈ અને ખાટલા નીચે ઢળી પડી. બાજુમાં મૂકેલ ગરમા ગરમ દૂધનો કટોરો એના પર ઢળી પડતાં એકદમ ચીસ પાડી પોકે પોકે રડવા લાગી.

લાલજીનાપેટનું પાણી ન હાલ્યું. એ ઊભો થઈને કપડાં બદલી રોજના નિયમ પ્રમાણે ખેતર ભણી ચાલી નીકળ્યો.

પતિને ચાલી જતા જોઈ ચંપાને ભયંકર આંચકો લાગ્યો. આવા અનેક આઘાતોથી ત્રાસી ગયેલ ચંપા પણ થોડી વારે ખેતર ભણી ચાલી નીકળી. વાટમાં મન વિચારોમાં અટવાઈ ગયું.

કેવાં મીઠાં મધુરાં સપનાં લઈને લાલજીને પરણી હતી?

લગ્નમંડપના માંડવે બેઠેલ લાલજીને જોઈ એની સાથે ભણતી દશમા ધોરણની એક બહેનપણીએ ટકોર કરેલી, 'કેવો રંગીલો તારો વર છે! સાંભળ્યું છે કે સિનેમાનાં ગીતો ભલભલાનાં મન હરી લે છે. તારું પણ મન હરી તને પ્રેમના સાગરમાં તરબોળ કરી દેશે!'

એ વખતે ચંપા ધન્ય થતાં બહુ હરખાયેલી.

બીજી સમજૂ બહેનપણીએ કાનમાં કહેલું,'વશમાં રાખજે. નહિતર શબ્દોની જાળમાં ફસાવી બીજી છોકરીઓ સાથે લફરાં કરશે તો તારું જીવન ધૂળધાણી થઈ જશે!' અને નજીક સરકી ઉમેરેલું, 'ચંપા, તું બહુ ડાહી અને સમજુ છે. તને સમજવવાનું ના હોય! સાસરિયાંનાં સૌને પ્રેમ, આદર અને મમતાથી પોતીકાં કરી દેજે. પતિને એના ગુણદોષોને અવગણી તારી મોહજાળમાં ઘેલો બનાવવા દેવ ગણજે. સાસુ-સસરાને સગાં માબાપ ગણી વહાલ વરસાવી એમનાં દિલ જીતી લે જે! સિનેમાના રસિયાને તારો રસિયો બનાવી દેશે!

એ જીવનમંત્રને યાદ કરી એ જીવનમંત્ર અમલમાં મૂકવા પ્રયાસ કર્યો હતો. સાસુ-સસરાનાં દિલ જીતી લેવામાં સફળ થઈ હતી પણ પતિનું દિલ...

એ દિલ વહાલના વરસાદથી પિગાળી દેવા એણે ઓછા પ્રયત્નો નહોતા કર્યા. પરણીને આવી એના ચોથા મહિને લાલજી પથારીવશ પડ્યો હતો. ટાઈફોઈડને કારણે તાવ ઊતરતો નહોતો. રાતદિવસ જોયા વિના એના પડખે બેસી બરફનાં પોતાં કપાળ પર મૂકી માલડી માને પ્રાર્થતી રહી હતી, ' હે મારી મં, મારા વરનું દુઃખ મારે માથે નાખી એને હરતો ફરતો કરી દે! મારાથી એનું દુઃખ જોઈ શકાતું નથી. રોજ વાઘ જેમ ઘુઘવાટા મારતો મારો વર કો'ક મીંદડી જેમ કેવો લોથપોથ પડ્યો છે! હે માડી મારી વિનવણી જરાક તો સાંભળ!' અને આંખમાંથી અશ્રુધારા વહેતી.

લાલજી ચૂપચાપ એ આંસુઓને ચૂપકીથી જોયા કરતો પણ એ આંસુ લૂછવા હાથ ન લંબાવતો કે પ્રેમનો એક હરફે ન ઉચ્ચારતો. એથી ચંપાનું મન ભરાઈ જતું અને અંતર પોકારી ઊઠતું. મર મૂઆ તારી દયા ખાવાનો કશો અર્થ નથી! કહી ઊભા થઈ એનાથી દૂર ચાલ્યા જવા ઘૂઘવાયેલું મન પ્રેરતું.

પણ થરથર ધ્રૂજતા એના હાથ અને ધગધગતા અંગારા જેવા એના કપાળ પર ફરતા હાથ એને દૂર જવા રોકી લેતા. પરિધર્મ ગણી એ દશબાર દિવસ એની પાસે સૂનમૂન બેસી એની સેવા કરતી રહી. એક જ આશાએ કે મારો વર મારી સાચી સંવેદના સમજી કો'ક દી જરૂર વહાથી મારા બરડા પર હેતભર્યા હાથ ફેરવશે!

પણ એવું કશું ન બન્યું. એકવીસમા દિવસે એ હરકોફરતો થયો અને શાંત પડેલા સાગરનાં નીર ઉછાળા મારે એમ જ હડકાયા કૂતરા જેમ એ ભભૂકવા લાગ્યો.

બરાબર ખાશે તો પહેલાં જેવો અડીખમ બનશે. એમ વિચારી સુકાયેલા શરીર કાઠું બનાવવા એની મનગમતી રસોઈ બનાવતી.

એક દિવસ એની પસંદગીનાં ભજિયાંનો નાસ્તો બનાવ્યો.

લાલજી નાસ્તો જોઈ બોલ્યો, 'વાહ, છેવટે મારી પસંદગીનો તને ખ્યાલ આવવા લાગ્યો ખરો!'

'ગમે તેમ તોય તમારી પત્ની છું. તમે મારા દેવ છો. તમને ખુશ રાખવા મારી ફરજ છે!' બોલી હરખઘેલી બની એ હસેલી.

(ક્રમશઃ)

# શિક્ષણ ક્ષેત્રે જયાં જરૂર જણાય તેવા ગરીબ તેજસ્વી બાળકોને ગુપ્ત રીતે સહાય કરતા દિનેશ વ્યાસ જીવન સ્વપ્નની ફળશ્રુતિ પછીનું ચિંતન વ્યકત કરતાં કહે છે કે, 'જીવન રંગમંચ ઉપર મળેલું પાત્ર યોગ્ય રીતે ભજવાય તેવું ઈચ્છું છું'

**મોંઘેરા મોતી**

**- નટવર આહલપરા**

વીસ વર્ષ પૂર્વે રાજકોટ બહુમાળી ભવન ખાતે સાંજે ૬ : ૩૦ વાગ્યા પછી એકાદ કલાક કર્મચારીઓ અને તેના સાથી મિત્રો વાર્તા, કવિતાનું પઠન અભિવ્યક્તિ પરિવાર સંસ્થાના નેજા હેઠળ કરતાં, તેમાંશશીકાંત ત્રિવેદી, પ્રકાશ વ્યાસ, હિમલ પંડ્યા 'પાર્થ', સી.એલ. પાલડિયા, 'શ્રીકાન્ત', નીનાદ અધ્યારૂં, મહેશ ઠાકર, ફાલ્ગુની પારેખ, નીલમ તલસાણિયા હતા.

દર બુધવારે મળતી બેઠકમાં વાર્તા લેખક દિનેશ વ્યાસ પણ વાર્તા પઠન કરવા આવતા હતા. આકાશવાણી, દૂરદર્શન સુધી મિત્રો સાહિત્યના કાર્યક્રમ માટે જતા. શ્રી દિનેશ વ્યાસે મુંબઇ સમાચાર, સામયિક - અખબાર, અભિષેક, જનસત્તા, જયહિન્દ જેવા માતબર સામયિક - અખબારમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી લીધી હતી.

**સુખદુઃખના ઉતાર ચઢાવ વચ્ચેય શબ્દ સર્જન કરતા એડવોકેટ શ્રી દિનેશ વ્યાસ**



આર્થિક પાસું સદ્ધર કરતા તેઓએ ટાઇપ કલાસમાં ઇન્સટ્રકટર તરીકે ટૂંકા પગારમાં નોકરી કરી. તા. ૦૨-૦૫-૧૯૬૬માં જશદણ તાલુકાના ઝુંડાળા ગામે જન્મેલા વ્યાસના પિતા સ્વ. જયંતીભાઇએ વહેલી અનંતની વાત પકડી હતી, બી.એ; એલ.એલ.બી. થયેલા દિનેશ વ્યાસે તા. ૦૬-૦૫-૧૯૯૨માં ઘોઘાવદર મુકામે કિરણબેન સાથે ગૃહસ્થી આરંભી જીવનનો સંઘર્ષ આગળ વધતો હતો. ઇશ્વરે આપેલા બંને પુત્રોનો શારીરિક - માનસિક વિકાસ ન થયો. વિકાસ માટે, વ્યાસ દંપતી ખૂબ ઝઝૂમ્યાં. અંતે સમયાંતરે બંને ફૂલસમા શિશુઓને ઇશ્વરના ખોળે પાછાં સોંપવા પડ્યાં. માતા. ગં. સ્વ. ભાનુબહેન પણ પથારી વશ હતા. સતત સત્તર વર્ષ માતાની સેવા કરનાર દિનેશ વ્યાસે માતાને પણ વિદાય આપી. પછી દુઃખના તડકા વચ્ચે તેઓની સાહિત્ય યાત્રા સાવ થંભી ગઇ! વરિષ્ઠ વકીલ સ્વ. ભુપેન્દ્રભાઇ જોલપરા સાથે વકિલાતનો પ્રારંભ કર્યો. સ્વ. ભુપેન્દ્રભાઇનો સાથ પણ ગુમાવ્યો. જીવન સંઘર્ષના તાણાવાણા વચ્ચે આ યુવાન હાર્યો નથી. પંચનાથ મંદિર પાસે યુનિકોન પ્લાઝામાં એડવોકેટ પદે કાર્યરત થઇ ચૂકેલા દિનેશ વ્યાસે પોતાની આગવી ઓળખ ઊભી કરતી એક ઓફિસ શરૂ કરી છે.

તેઓ કોમ્પ્યુટર યુગ વિશેનું મંતવ્ય આપતા કહે છે કે "ઓછી મહેનતે વધુ સારૂં કામ થઇ શકે છે. માનવ કલાકોની બચત થાય છે." વાચન માટે સમય બચાવી લેતાં શ્રી વ્યાસને 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' અને 'બડે અચ્છે લગતે હો' જેવી ટી.વી. સિરિયલ જોવી ગમે છે. બાધા, આખડી, માનતામાં આસ્થા ન રાખનારા તેઓ આરોગ્યની જાળવણી અર્થે કયારેક ઉપવાસ તો સમય મળ્યે પૂજા પાઠ કરે છે. વિદેશમાં ચીન તથા ભારતમાં પ્રવાસો કરી ચૂકેલાં તેઓ ઇશ્વર ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખે છે.

શિક્ષણ ક્ષેત્રે જયાં જરૂર જણાય તેવા ગરીબ તેજસ્વી બાળકોને ગુપ્ત રીતે સહાય કરતા દિનેશ વ્યાજ જીવન સ્વપ્નની ફળશ્રુતિ પછીનું ચિંતન વ્યકત કરતાં કહે છે કે, 'જીવન રંગમંચ ઉપર મળેલું પાત્ર યોગ્ય રીતે ભજવાય તેવું ઇચ્છું છું.'

જેમ રવીન્દ્રનાથ ટાગોર પાંસઠ વર્ષે ચિત્રકામ શિખ્યા હતા. શિખવાની કોઇ ઉંમર હોતી નથી. તેમ ફરી પાછા દિનેશ વ્યાસ વાર્તાકાર તરીકે ઉત્સાહિત બન્યા છે. વકીલાતમાં પણ તેમને અસંખ્ય વાર્તાબીજ મળ્યાં છે. આશા રાખીએ કે, એ કથાબીજો વાર્તા વૃક્ષ બનીને બાવકોને તેમના મીઠાં ફળ ચખાડશે.

દિનેશ વ્યાસ હવે ઉભા ન રહો. મુઠ્ઠી ખોલો. હાથમાં કલમ પકડો. આકાશે મીટ માંડો. આકાશની જેમ વિસ્તરો. શુભેચ્છા.

દિનેશ વ્યાસનો મોબાઇલ નંબર છે : ૯૮૨૫૨૩૧૨૪૪

# સમાજને દુર્જનોની સક્રિયતા જેટલી નુકશાન નથી પહોંચાડતી, એટલું નુકશાન તો સજ્જનોની નિષ્ક્રિયતા પહોંચાડે છે

**બીજા ગાલ પર લાફો ખાધા પછી શું કરવાનું? - વિચાર યાત્રા**

**- જય ઓઝા**

'કોઇ તમને એક ગાલે લાફો મારે તો બીજો ગાલ ધરવો' - ગાંધીજી આવું કહેતા હતા. 'લગે રહો મુન્નાભાઇ'માં સરસ વાત કરી છે કે એક ગાલે લાફો ખાધા પછી બીજો ગાલ ધરીએ અને એ ગાલે પણ લાફો ખાધા પછી શું કરવાનું? ત્રીજો ગાલ કયાંથી લાવવાનો? અરે સિમ્પલ ત્રીજો ગાલ સામે વાળાનો, તેના ગાલ પર રંગળી કરવાની.

હકીકત એ છે કે ચૂપ રહેવામાં મજા નથી, લડી લેવા આવડવું જોઇએ. અન્યાય અને અત્યાચાર કરનાર જેટલો દોષિત છે, તેનાથી વધુ દોષિત અન્યાય સહન કરનારો છે. સામાન્ય રીતે સ્વભાવથી આપણે સહનશીલ પ્રકૃતિના છીએ. ખોટી વાત હોય અને આપણે જાણે - અજાણે પણ સહન કરતા હોઇએ તો આપણાથી વધારે પાપી બીજું કોઇ નથી. આપણા આવા અન્યાય સહન કરવાન સ્વભાવથી દુનિયાની બધી પ્રજાએ ભરપૂર લાભ લીધો છે.

પહેલાં મુસ્લિમ શાસકોએ વર્ષો સુધી આપણા પર રાજ ચલાવ્યું છે. પછી બાકી હતું તે અંગ્રેજો ૨૦૦ વર્ષમાં નીચોવી ગયા, આપણી ગુલામીના કારણો તો ઘણા છે પણ મુખ્ય કારણ છે અન્યાય સહન કરવાનો આપણો સ્વભાવ.

ખબર પડે કે આ ખોટું થયું છે છતાં ન બોલીએ એ તો કાયરતા જ કહેવાય. અન્યાય સામે અવાજ ઊઠાવીએ ત્યારે મહાભારતનું યુદ્ધ જન્મે, ભારતનો સ્વાતંત્ર્ય- સંગ્રામ થાય. કૃષ્ણે યુદ્ધ અટકાવવા કાંઇ ઓછા પ્રયાસ કર્યા હતા? પણ કેટલીક સમસ્યાઓનો ઉકેલ યુદ્ધ દ્વારા જ આવી શકે છે. દુર્યોધનને કે રાવણને આતંકવાદને યુદ્ધમાં જ જીતવા પડે.

આતંકવાદ અત્યારે આપણા દેશની સૌથી કપરી સમસ્યા છે. આવા આતંકવાદી આપણી સામે હથિયાર લઇને ઊભા હોય ત્યારે તેમને ખતમ જ કરવા પડે. ઝનૂન શાંતિની ભાષા સમજતું નથી.

આજે તો અનેક ક્ષેત્રોમાં લડાઇઓ લડવી પડે છે, આપણી એક પણ શારીરિક કે માનસિક સંઘર્ષ વિના જતી નથી. હા, લડાઇ અને યુદ્ધના પ્રકારો ભિન્ન-ભિન્ન હોય છે પણ એકવાર રણશિંગુ વાગે પછી ભાગવાનું ન હોય, ભયાનક ઝનૂન સાથે લડી લેવાનું હોય. અને માત્ર જીવ બચાવવા માટે નથી લડી લેવાનું આપણું અસ્તિત્વ દાવ પર છે એની રક્ષા કાજે લડવાનું છે.

ન્યાય-અન્યાય અને યુદ્ધની વાત તો પળેપળ આપણા રોજિંદા જીવનમાં જોવા મળે છે. લાઇટનું બિલ ભરવા લાંબી લાઇન લાગી હોય, કોઇ મહાશય વચ્ચે ઘુસી જાય ત્યારે આપણે ફક્ત મોટા અવાજે અને બહાર નીકળવાનું કહેવાનું હોય છે, પણ આપણે વિચારીએ છીએ એમાં શું ફરક પડી જવાનો છે? ફરક બહુ મોટો પડે છે! પેલા વ્યક્તિનો આત્મવિશ્વાસ તમારા ડરપોકપણાને કારણે વધશે અને ફરીવાર વધારે દૃઢતાથી બીજા જોડે અન્યાય કરવા ઉદ્યુક્ત થશે.

બસના કંડકટર - ડ્રાઇવર પણ આપણી પર દાદાગીરી કરી જાય છે. ટિકીટના છુટ્ટા પૈસા ન હોય એટલે ૧ રૂપિયો કે બે રૂપિયા પછી લઇ લેજો બાકી રાખે, આપણે ઉતરવાનું સ્ટેન્ડ આવે અને આપણે કચવાતા જીવે માગતા જઇએ ત્યારે, મોઢું તોડી લેજો જવાબ આપશે કે છુટ્ટા નથી - ડ્રાઇવર જાણી જોઇને બસને સ્ટેન્ડથી થોડે દૂર ઊભી રાખે, આપણને પાછળ દોડતા જોઇને તમને વિકૃત આનંદ મળે છે પણ બસમાં ચડ્યા પછી આપણે એમને જરાક જેટલું પણ કહી શકયા નથી કે આમ કેમ કરો છો.

ગ્રાહકોની સાથે વેપારીઓ તો વર્ષોથી ઘરની ધોરાજી ચલાવતા આવ્યા છે. લલચામણી જાહેરાત આપી હોય, દુકાનમાં લેવા જઇએ ત્યારે વાત કંઇ જુદી હોય. હમણાં વળી ૫૦ પૈસાની કિંમતની બે ચોકલેટ પકડાવી દે આ તો ખુલ્લેઆમ અન્યાય છે. રિઝર્વ બેંકે એવો કોઇ ઓર્ડિનન્સ તો પસાર કર્યો નથી કે ૫૦ પૈસા નહીં ચાલે. તો પછી શા માટે આપણે સાંખી લઇએ છીએ!

હમણાં એક પ્રાઇવેટ બેંકમાં પૈસા ભરવા ગયો હતો, એમને પાંચની અને દસની નોટ લેવાની ના પાડી દીધી, પછી ખૂબ હોબાળો કર્યો એટલે લીધી પણ જો એકવાર ના પાડે અને આપણે ઢીલા પડીએ તો પછી એમને ફાવતું જડે છે.

આપણે સત્યની, ન્યાયની લડાઇ લડી લેવામાં શા માટે અચકાઇએ છીએ તે સમજમાં નથી આવતું. આપણે જો આપણા પણ થતા અન્યાય વિશે પણ જાગૃત ન હોઇએ તો પછી દેશ પર થતાં અન્યાય ઉપર બોલવાની તો આપણી હિંમત જ કયાંથી થાય.

યુદ્ધમાં કદાચ હાર થઇ શકે, કદાચ એવું પણ બને કે આપણે ફરી ઊભા ન થઇ શકીએ પણ એનાંથી ડરવાનું નથી. ડર, ભય આપણને યુદ્ધ પહેલાં જ હાર આપતો હોય છે. પરિસ્થિતિનો સામનો કરવાનો છે. તેને સહન કરવાની નથી. પલાયન વાદથી યુદ્ધ કયારેક ખતમ થતું નથી. આજનું મોત કાલ પર ગયું એટલું જ કહેવાય.

પાછું આપણે બોલવામાં તો શુરા છીએ, ઘરે આવીને ઘર ગજવી નાખીશું. અન્યાય કરનારાઓ સામે બળાપો કાઢવાની આપણને ટેવ પડી ગઇ છે. બાકી અન્યાય સામે બંડ પોકારીએ તો અચૂક ન્યાય મળે. અન્યાય સામેની લડાઈમાં જય-પરાજય ગૌણ બની જાય છે. અન્યાય સામે બંડ પોકારવાનો આનંદ પણ કંઇ ઓર હોય છે. કોઇ વ્યક્તિ નાની અમથી વાત હોય, બસ કંડકટર કે કોઇ વેપારી, લાઇટબીલમાં વચ્ચે આવતા કોઇ વ્યક્તિ સાથે કે તમારા બોસ સાથે સાચી અને ન્યાયી વાત માટે લડી જોજો. એ દિવસે બે રોટલી વધારે ખવાશે. કાંઇક કર્યાનો આનંદ તમને ઉછળતા કરી દેશે.

અન્યાય સામે અવાજ ઉઠાવવો જોઇએ, પણ આપણે અનેક ડરથી ઘરાયેલા છીએ. સામાન્ય રીતે આપણે મૂંગે મોઢે સહન કરતા જ શીખ્યા છીએ. અને નવાઇની વાત તો એ છે કે ઘણી વખત આપણે કયાં શોષણનો ભોગ બની રહ્યાં છીએ તેની જાણ પણ આપણને હોતી નથી આથી આપણી માટે શું અન્યાયી છે તેનું વિવેકભાન પણ સૌ પ્રથમ આપણને હોવું જરૂરી છે. 'ના! હું અન્યાય સહન નહીં જ કરૂં' આપણે આપણા મનને આ માટે તૈયાર કરવાનું છે.

આચાર્ય વિજયરત્ન સૂરિશ્વરજીનું વિધાન છે - "સમાજને દુર્જનોની સક્રિયતા જેટલી નુકશાન નથી પહોંચાડતી, એટલું નુકશાન તો સજ્જનોની નિષ્ક્રિયતા પહોંચાડે છે."